### "પરિવર્તન પેનલ"ને પરાજયનો સામનો કરવો પડ્યો

# પાદરા નગર નાગરિક સહકારી બેન્કમાં ભાજપ પ્રેરિત પેનલનો જંગી વિજય

**કુલ** 12,089 મતદારોમાં 3578 સભાસદોએ મતદાન કર્યું



(પ્રતિનિધિ) પાદરા, તા.14

પાદરા નગર નાગરિક સહકારી બેન્ક લિમિટેડમાં યોજાયેલી બે મહિલા સહિત કુલ ૧૫ પૈકી ૧૪ ડિરેક્ટર પદોની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત તથા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સમર્થિત બેંક હિત રક્ષક પેનલના તમામ ઉમેદવારો જંગી બહુમતીથી વિજયી બન્યા હતા. જ્યારે સામે મુકાબલે એક મહિલા સહિત પરિવર્તન પેનલના તમામ ૬ ઉમેદવારોનો પરાજય થયો હતો. જ્યારે એક બેઠક બિનહરીફ થઈ હતી. બેંકમાં ભાજપ સમર્થિત પેનલના તમામ ઉમેદવારોના વિજય બાદ સભાસદોમાં ખુશીની લહેર જોવા મળી હતી. વિજેતા ઉમેદવારોને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તેમજ સભાસદોએ અભિનંદન પાઠવ્યા હતા. આ ચૂંટણીનું મતદાન રવિવારે યોજાયું હતું, જેમાં કુલ 12,089 મતદારોમાંથી ૩૫૭૮ સભાસદોએ મતદાન કર્યું હતું. મતગણતરી પાદરાની ઝેન સ્કૂલ ખાતે સોમવારે વહેલી સવારથી શરૂ થઈ હતી અને મોડી રાત સુધી ચાલી હતી. મતગણતરીના પ્રારંભથી જ ભાજપ પ્રેરિત ધારાસભ્યની બેંક હિતરક્ષક પેનલના તમામ ઉમેદવારો આગળ રહ્યા હતા અને અંત સુધી પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. ઉલ્લેખનીય છે કે અગાઉની ચૂંટણીની સરખામણીમાં આ વખતે સંપૂર્ણ પેનલના તમામ ઉમેદવારો વિજયી બન્યા છે, જે રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પરિણામોની અસર આગામી પાદરા નગરપાલિકા ચૂંટણીમાં પણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાદરા નગર નાગરિક સહકારી બેંક લી.ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત "બેંક હિત રક્ષક પેનલ"એ જંગી બહુમતી સાથે વિજય મેળવ્યો છે, જ્યારે "પરિવર્તન પેનલ"ને પરાજયનો સામનો કરવો પડ્યો છે. તા. ૧૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી અને તા. ૧૩ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ચૈતન્યસિંહ ઝાલાના નેતૃત્વ હેઠળ ભાજપ પ્રેરિત પેનલને મતદારોનો વિશાળ સમર્થન મળ્યો હોવાનું પરિણામ પરથી સ્પષ્ટ થયું છે.

### સફેદ રંગનું ઉભી લાઈનિંગવાળું શર્ટ પહેર્યું છે

# પાદરા ખાતે યુવાન ગુમ થતા પોલીસમાં નોંધ, શોધખોળ શરૂ



(પ્રતિનિધિ) પાદરા, તા.14

પાદરા નગરમાં એક યુવાન અચાનક ગુમ થવાની ઘટના સામે આવી છે. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ હેઠળ નોંધ કરવામાં આવી છે અને પોલીસે શોધખોળ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, પાદરા લતીપુરા રોડ પર ખત્રીપુરા વિસ્તારમાં રહેતા ગણપતભાઈ ભગવાનભાઈ પઢિયાર (ઉંમર ૬૦)એ પોલીસમાં જાણ કરી છે કે તેમના ઘરે રહેતો અમિતભાઈ ઉર્ફે સોન્યો રાજેશભાઈ સોલંકી (ઉંમર ૨૦), મૂળ કાલોલ તાલુકા, જી. પંચમહાલનો રહેવાસી, ગત તા. ૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૨ વાગ્યાના સમયે કોઈને જાણ કર્યા વગર પોતાની બાઈક લઈને ક્યાંક જતો રહ્યો હતો અને ત્યારબાદથી તેનો કોઈ પત્તો મળ્યો નથી. ફરિયાદ આધારે પોલીસે તેની તપાસ શરુ કરતા તેનું મોટર સાયકલ પાદરા નજીક પાદરા જંબુસર રોડ ઓઅર આવેલ એક ફાર્મ પાસે થી મળી આવ્યું હતું અને તેના ચંપલ અને મો.સા ની ચાવી નર્મદા કેનાલ પાસે થી મળી આવતા કેનાલ માં ઝંપલાવ્યું હોવાની ભીતિ સેવાતા પોલીસે ફાયર બ્રિગેડ ને જાણ કરતા ફાયર બ્રિગેડ દ્વારા ડભાસા પાસે ની નર્મદા કેનાલ માં આશરે ૫ કિમી સુધી તેની શોધખોળ આરંભી હતી છતાં તેનો કોઈ પતો હાથ જડ્યો ન હતો જેને લઈ અનેક તર્ક વિતર્કો ઉભા થયા છે. ગુમ થયેલા યુવાનનું વર્ણન મુજબ તેનો રંગ ઘઉં વર્ણનો છે, ઉંચાઈ આશરે ૫ ફૂટ ૬ ઈંચ છે અને તે સમયે તેણે સફેદ રંગનું ઉભી લાઈનિંગવાળું શર્ટ તથા ભૂરા રંગની જીન્સ પેન્ટ પહેરી હતી તેમજ પગમાં ચપ્પલ પહેરેલ હતી. તેને ગુજરાતી અને હિન્દી ભાષાનો જ્ઞાન છે. આ બનાવ અંગે પાદરા પોલીસ દ્વારા નોંધ લઈ તપાસ હાથ ધરવામાં આવી છે. અને યુવાન અંગે કોઈ માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા જણાવાયુ છે.

# ધાવટ ચોકડી પાસે ભયાનક અકસ્માતઃ કરજણ ફાયર વિભાગે ડ્રાઈવરનો જીવ બચાવ્યો

**આઇશર ટેમ્પો** ટ્રક પાછળ ઘૂસતા ડ્રાઈવર કેબિનમાં ફસાયો, એક કલાકની જહેમત બાદ બહાર કાઢાયો



(પ્રતિનિધિ) કરજણ, તા.14

અંદાજે ૬:૩૦ વાગ્યાના સુમારે વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે ૪૮ પર ધાવટ ચોકડી નજીક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલા આઈશર ટેમ્પોએ પહેલા એક નાના ટેમ્પોને ટક્કર મારી હતી અને ત્યારબાદ આગળ ચાલી રહેલા ટ્રકની પાછળ જોરદાર અથડાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે આઈશર ટેમ્પોનો ડ્રાઈવર કેબિનમાં જ ગંભીર રીતે ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને વિલંબ કર્યા વિના બચાવ કામગીરી શરૂ કરી હતી. ફાયર વિભાગના જવાનોએ આધુનિક હાઈડ્રોલિક સાધનોનો ઉપયોગ કરીને લગભગ એક કલાક સુધી સતત પ્રયત્નો કર્યા બાદ ડ્રાઈવરને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. બચાવ કામગીરી પૂર્ણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ડ્રાઈવરને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

સદનસીબે ડ્રાઈવરને કોઈ ગંભીર ઈજા પહોંચી નહોતી, જેને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ સમગ્ર ઘટનામાં કરજણ ફાયર વિભાગની સતર્કતા, ઝડપી પ્રતિભાવ અને કુશળ કામગીરીના કારણે એક અમૂલ્ય માનવજીવન બચી શક્યું હતું.

### વાઘોડિયા તાલુકામાં મોડી રાતે બનેલી ઘટના

# સૈડાલ બસ પાટિયા પાસે આઈસર ટેમ્પાની અડફેટે આધેડ મહિલા નું મોત

**બનાવના** સ્થળે લોકટોળા ઉમટી પડતા ક્ષણિક ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.14

તાલુકાના સૈડાલ ગામના બસ સ્ટેન્ડ પાસે ગામની આધેડ મહિલાનું અકસ્માતે મોત નીપજ્યું છે. લીલાબેન ચંદુભાઈ ભીલ ઉંમર વર્ષ (૫૨) નું આઈસર ટેમ્પાની અડફેટે મોત નીપજ્યુ હતું.તેમની નણંદ લીલાબેન ભીલ કે જેઓ પોતાના ઘરેથી કુદરતી હાજતે જતા હતા ત્યારે ગામના બસ સ્ટેન્ડ નજીક થી પસાર થતા રાત્રિના અંધકારમાં એક આઈસર ટેમ્પાના ચાલકે પોતાનો ટેમ્પો બે ફિકરાઈથી ગફલતભરી રીતે હંકારી લાવી લીલાબેન ભીલને તથા તેમની નણંદને અડફેટે લીધા હતા.ટક્કર વાગતા લીલાબેન રોડ પર પડી જતા આઈસર ટેમ્પાના તોતીંગ પૈડા પેટના ભાગે ફરી વળતા વચ્ચેથી બે ભાગ થઈ જતા પેટના આંતરડા બહાર નીકળી જતા ઘટના સ્થળે અરેરાટી વ્યાપી ગઈ હતી.લીલાબેન ભીલ નું ઘટના સ્થળે જ કમકમાટી ભરીયું મોત નીપજ્યું હતું જ્યારે તેમના નણંદ વીલા બેન નો બચાવ થયો હતો.

ઘટના પગલે લોકો દોડી આવતા આ અકસ્માત અંગેની જાણ સુનિલભાઈ રમણભાઈ ભીલે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં જાણ કરી આઈસર ટેમ્પા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોડેલી તાલુકાના ચાપરાગોટા પાસે પાણીનો વેડફાટથી ખેતી પાકને નુકસાનની ભીતિ



(પ્રતિનિધિ) બોડેલી, તા.14

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના સખાન્દ્રામાં બનાવેલા 11 લાખ લીટરની આસપાસ ના સંપમાંથી જીવણપુરામાં બનાવેલા ૭.૨૦ લાખ લીટર પાણી ના સંપમાંથી બોડેલી રાજ ખેરવા ટોકરવા સીમલીયા ટીંબી મુલધર જીવણપુરા.જબુગામ બૈડી ચાપર ગોટા મોટી અને નાની તેજા વાવ પ્રતાપ નગર જેવા ગામોમાં પીવાનું પાણી પહોંચાડવા મેન હેડ વર્ક સખાન્દ્રા ખાતે 11 લાખ લીટરી પાણી ના સંપ માંથી પાણી પહોંચાડવા સખાન્દ્રા ખાતે થી પાણીની લાઈન દ્વારા જીવણપુરા ખાતે ૭.૨૦ લાખ લીટર પાણી ઢાલવવી સંગ્રહ કરી પાણી ની ટાંકી દ્વારા લાઈન માં થી 12 જેટલાં ગામના લોકો ને સ્વચ્છ અને ચોખ્ખું પાણી પહોંચાડવા પાણી પુરવઠાયોજના હેઠળ 36 કરોડ ના ખર્ચે લોકો ને ઘર સુધી પીવાનું પાણી પહોંચે તેને લઈને મોટી રકમ ફાળવવા માં આવી હતી પરંતુ બે વર્ષથી તૈયાર થયેલી ગતચોમાસાની સિઝન માં સખાન્દ્રા ખાતે આવેલા ટાંકા માંથી જીવણ પૂરામાં પાણી ઠાલવા ઓરસંગ નદી માંથી પસાર થઈ જીવણ પૂરામાં પાણી લાવવા ની લાઈન ચોમાસાં ની સિઝનમાં લાઈન નું ભંગાણ થતા એક વર્ષ જેટલો સમય પાણી બંધ કરાયું હતું લોકો માટે પીવાનું પાણી બંધ કરાયા બાદ લાઈન નું સમારકામ થયાના એક વર્ષ બાદ ફરી જીવણપુરા ખાતે આવેલા સંપ માંથી પાણી છોડવામાં આવતા જ ચાપરાગોટા પાસે વાલ માંથી પાણીનો વેડફટ થતા આસપાસના ખેડૂતો ને ખેતરમાં પાકને નુકસાન પહોંચતા ખેડૂત પુત્રો એ રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા પાણીનો વેડફાટ ને અટકાવવા નિષ્ફળ નિવડેલા તંત્ર ના કારણે હજારો લિટર પાણી આસપાસના ખેતરોમાં ફરી વળતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે.

## ડભોઇના મોડલફાર્મ માર્ગ પર મરઘા કેન્દ્ર પાસે દૂધરાજ પક્ષી દેખાયું



**ડભોઇ :** ડભોઇ મોડલફાર્મ માર્ગ પર આવેલા મુસ્કાન મરઘા કેન્દ્ર પાસે ઉડતી જીવાત અને પતંગિયા ખાતું જવલ્લેજ દેખા દેતું દૂધરાજ પક્ષી દેખાયું હતું.પક્ષી પ્રેમીએ આ પક્ષી ની હાજરી નિહાળી તેને ઓળખી લીધું હતું. ઘાટી,વનરાજી,કાંટ,ઘટાદાર વૃક્ષો અને આંબાવાડીઓ માં ફરતું હોય છે.માખીમાર કુટુંબ માં આ પક્ષી લંબાઈ માં સૌથી મોટું હોય છે. દૂધરાજ પક્ષી દેખાવે સુંદર હોય છે.પુખ્ત દૂધરાજ નો રંગ સફેદ,માથું ભૂરું,કાળું ચળકતું હોય છે.આંખો ઘેરી કથ્થાઈ અને ચાંચ અને આંખ ફરતે આછો ભૂરો રંગ અને પગ પણ ભૂરાશ પડતા હોય છે. નર પક્ષી નું કદ બુલબુલ ને મળતું દેખાય છે.બુલબુલ થી નાનો તેની પૂંછડી માં બે લાંબા પીછા હોય છે.જેની લંબાઈ 12" થી 15" હોય છે.માદા અને નાની ઉંમર ના નર ને પીઠ ઉપર પેસ્ટનટ રંગ અને રાખોડી ધોળું પેટાળ હોય છે.ત્રણ વરસ નો નર સફેદ થવા લાગે છે.માત્ર તેનું માથું ચળકતું ભૂરું રહે છે. નર ને બે વર્ષ ની ઉંમરે તેની પૂંછડી ના બે લાંબા પીછા નીકળે છે.

## ભૂતાન સુધી સીધી ઉડાન શરૂ થઈ, પ્રવાસીઓ માટે નવી સુવિધા

વડોદરાઃ ભારતીય પ્રવાસીઓ માટે ભૂતાનની મુસાફરી હવે વધુ સરળ બનવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. MakeMyTrip અને Drukair વચ્ચે થયેલી ભાગીદારી હેઠળ અમદાવાદથી પારો સુધી સીધી ઉડાન સાથે નવા હોલીડે પેકેજીસ રજૂ કરવામાં આવ્યા છે. આ સીધી કનેક્ટિવિટી શરૂ થતાં અગાઉ લાગતો લાંબો લેઓવર સમય ટળી જશે અને કુલ મુસાફરી સમય અંદાજે ત્રણથી પાંચ કલાક જેટલો ઓછો થશે. તાજેતરના આંકડા મુજબ વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક દરમિયાન ભૂતાન માટે ગુજરાતમાંથી પ્રવાસ સંબંધિત શોધમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

### ડ્રિંક એન્ડ ડ્રાઇવની ઘટનામાં ટોયોટા કારચાલક ફરાર, સાથીને લોકોએ ઝડપી પાડ્યો

# વાઘોડિયા રોડ પર નશામાં ધૂત કાર ચાલકનો કહેર : ત્રણ વાહનોને ટક્કર



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.14

વડોદરા-વાઘોડિયા રોડ પર જીઆઈડીસી નજીક મુન્જલ ઓટો કંપની સામે આજે વહેલી સવારે નશાની હાલતમાં કાર ચલાવતા એક ટોયોટા કારચાલકે ત્રણ વાહનોને ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ચારેય વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

મળતી માહિતી મુજબ, વડોદરાથી વાઘોડિયા તરફ જઈ રહેલી ટોયોટા કારમાં ખેતરમાં દવા છાંટવા માટેનો ડ્રોન લઈ જવામાં આવી રહ્યો હતો. કારચાલક નશાની હાલતમાં હોવાને કારણે પુરપાટ ઝડપે વાહન હંકારી આગળ જઈ રહેલી વેગેનાર કારને ટક્કર મારી હતી. ટક્કરની અસરથી વેગેનાર રોડના ડિવાઈડર ઉપર ચડી ગઈ હતી. આ પછી ટોયોટા કાર બેકાબૂ બની રોડ પર ગડથોળીયા ખાતી મુન્જલ ઓટો કંપની નજીક ઊભેલી ઈકો કાર સાથે અથડાઈ હતી. આ અથડામણમાં ઈકો કાર વરસાદી કાંસામાં ખાબકતા ખાબકતા બચી ગઈ હતી. આ દરમિયાન ઈકો કારની આગળ ઉભેલો એક બાઈકચાલક પણ ટક્કરના કારણે બાઈક સાથે નીચે પડી ગયો હતો. અકસ્માતમાં તમામ વાહનોને ભારે નુકસાન થયું હતું.

## પાદરા તાલુકામાં યુવતીએ ઝેરી દવા પી આત્મહત્યા કરી, પરિવાર શોકમાં

પાદરા : પાદરા તાલુકાના વણછરા ગામે એક દુખદ ઘટના સામે આવી છે, જેમાં યુવતિએ ઝેરી દવા પી આત્મહત્યા કરતા વિસ્તારમાં શોકનો માહોલ ફેલાયો છે. મળતી માહિતી અનુસાર, વણછરા ગામના મહાદેવ ફળીયામાં રહેતી સાવિત્રીબેન વિનુભાઈ વાદી (ઉંમર ૩૫)એ તુવેરના પાકમાં છાંટવામાં આવતી ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોએ તરત જ તેમને સારવાર માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સાવિત્રીબેન પોતાની દીકરીની સગાઈ થયેલ જગ્યાએ જવાની ના પાડતા આ બાબતને મનમાં લાગી આવતા માનસિક તણાવમાં આવી ગઈ હતી અને તે પગલે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# વડોદરા-છોટાઉદેપુર જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની કરાઈ

## ડભોઇ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી



**ડભોઇ :** ભારતીય બંધારણના ઘડવૈયા અને મહાન સમાજ સુધારક ડો. ભીમરાવ આંબેડકરના જન્મદિન નિમિત્તે ડભોઇ શહેર માં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં આંબેડકર જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભાઓ, રેલીઓ અને સામાજિક જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. ખાસ કરીને ડભોઇના ખેતીવાડી બજાર પાસે આવેલ આંબેડકર ચોક ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા દ્વારા બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને વિનમ્ર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં ડો. આંબેડકરના જીવન સંઘર્ષ અને તેમના દ્વારા બનાવવામાં આવેલ ભારતીય બંધારણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.તેમણે જણાવ્યું હતું કે બાબાસાહેબે સમાજના પીડિત અને વંચિત વર્ગોને ન્યાય અપાવવા માટે જીવનભર સંઘર્ષ કર્યો હતો અને તેમના વિચારો આજે પણ સમાજ માટે પ્રેરણારૂપ છે.

## જેતપુરપાવી ખાતે ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની 135મી જન્મજયંતિ ઉજવાઈ



**જેતપુરપાવી :** જેતપુરપાવી ખાતે ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન સામાજિક સુધારક ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની 135મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ તેમના જીવન, કાર્ય અને સમાનતા, ન્યાય તથા બંધારણીય મૂલ્યો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. વક્તાઓએ જણાવ્યું કે ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર એ સમાજના પીડિત અને વંચિત વર્ગોના ઉદ્ધાર માટે જીવનભર સંઘર્ષ કર્યો હતો અને તેમના વિચારો આજે પણ સમગ્ર સમાજ માટે આશાનુ કિરણ છે.

## માંજરોલમાં ડો.આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે કેક કાપી ઉજવણી કરાઇ



**સંખેડા :** સંખેડા તાલુકાના માંજરોલ ગામે ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણીની શરૂઆત બાબાસાહેબના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત આગેવાનો અને ગ્રામજનોની હાજરીમાં કેક કાપીને જન્મજયંતિની ઉજવણી કરાઈ. પ્રસંગે વક્તાઓએ બાબાસાહેબના જીવન સંઘર્ષ, દેશહિત માટેની તેમની લડત અને ભારતીય સંવિધાનના ઘડતરમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું. ઉપસ્થિત લોકોને સંવિધાનના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે સમતા, બંધુતા અને ન્યાય વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

## શિનોર તાલુકાના સાધલી ગામે આદિવાસી સમાજ માટે ગૌરવપૂર્ણ ક્ષણની ઉજવણી



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે આદિવાસી સમાજ માટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે. ડો. બાબા સાહેબ આંબેડકર અને ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગેવાનો અને મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. શિનોર તાલુકાના સાધલી ટીંબરવા ચોકડી પાસે આવેલ સર્કલ પાસે આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવા, આદિવાસી આગેવાન પ્રફુલભાઈ વસાવા તેમજ કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પ્રતિમાઓનું વિધિવત અનાવરણ કરી સમાજને એકતા અને ગૌરવનો સંદેશ આપવામાં આવ્યો હતો.